Surat Municipal Corporation
e-Magazine
Issue 62
July 28, 2006



## સુરત મહાનગરપાલિકા દ્વારા મેલેરીયા નિબંધ/કવીઝ સ્પર્ધાના વિજેતાઓનો ઈનામ વિતરણ સમારંભ

સુરત મહાનગરપાલિકાના વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૩–૬–૦૬ નાં રોજ મેલેરીયા નિબંધ સ્પર્ધા તેમજ તા.૨૭–૬–૦૬ નાં રોજ મેલેરીયા કવીઝ સ્પર્ધા રાખવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## વર્ગ–૪ના સફાઈ કામદારોના આવાસોનો જાહેર ડ્રો

સુરત મહાનગરપાલિકામાં હાલમાં ફરજ બજાવતાં હોય તેવાં વર્ગ–૪ના કાયમી અને હંગામી સફાઈ કામદાર ભાઈ બહેનો માટે મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન સિવાયના તમામ ઝોનમાં એક રૂમ–રસોડુ અને બે રૂમ–રસોડાના કુલ ૭૫૧ ફલેટ ટાઈપ આવાસોનું આયોજન હાથ ધરેલ છે. સદરહુ આવાસોની ફાળવણીનો પ્રથમ ડ્રો તા. ૦૭–૦૪–૨૦૦૬ના રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે યોજાયેલ જેમાં ૪૨૮ આવાસોની લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવી હતી....



વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સેન્ટ્રલ ઝોન વી.બી.ડી.સી. (ફા.મે.) વિભાગ ધ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા, વી.બી.ડી.સી. (ફા.મે.) વિભાગ ધ્વારા માહે જૂન–૨૦૦૬ને મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ. જેના અંતર્ગત સેન્ટ્રલ ઝોન હસ્તકના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ગોપીપુરા સ્થિત રત્નસાગરજી વિદ્યાલયમાં મેલેરીયા વિષયક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિજયી થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અંગેનો કાર્યક્રમ તા. ૨૪–૭–૦૬ના રોજ ઉકત શાળામાં રાખવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા મેલેરીયા નિબંધ/કવીઝ સ્પર્ધાના વિજેતાઓનો ઈનામ વિતરણ સમારંભ

સુરત મહાનગરપાલિકાના વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૩–૬–૦૬ નાં રોજ મેલેરીયા નિબંધ સ્પર્ધા તેમજ તા.૨૭–૬–૦૬ નાં રોજ મેલેરીયા કવીઝ સ્પર્ધા રાખવામાં આવેલ.

મેલેરીયા નિબંધ સ્પર્ધામાં સુમન હાઈસ્કુલ અને શહેરની વિવિધ ખાનગી શાળાઓના ધોરણ ૮ થી ૧૦ નાં કુલ ૧૯ શાળાના ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો, જયારે મેલેરીયા કવીઝ સ્પર્ધામાં નગર પ્રાથમિક શાળા ધોરણ ૫ થી ૭ નાં કુલ–૨૦ શાળાના ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામથી પુરસ્કૃત કરવા આજ રોજ તા.૧૯–૭–૦૬ નાં રોજ સરદાર ખંડ ખાતે માનનીય મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના પ્રમુખ સ્થાને ઈનામ વિતરણ સમારંભ રાખવામાં આવેલ. સમારંભમાં હાજર રહેલ અન્ય મહાનુભાવોમાં ડે.મેયરશ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલ, નેતાશ્રી વિરોધપક્ષ યોગેશભાઈ કાપડીયા, આરોગ્ય સમિતિ અધ્યક્ષ શ્રી ડો. જગદીશભાઈ પટેલ, આરોગ્ય સમિતિના ઉપાધ્યક્ષ શ્રી યશોધરભાઈ દેસાઈ, રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષ શ્રીમતિ વર્ષાબેન રાણા, રૂગ્ણાલય સમિતિના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન વનરા, ડે.કમિશનરશ્રી(હે. અને હો.) ડો. આઈ.સી. પટેલ, ડે.કમિશનરશ્રી (પ. અને ઈ.) શ્રી સી.જે.ગામિત, આરોગ્ય અધિકારીશ્રી ડો. એચ. એસ. દેસાઈ તેમજ વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગનો સ્ટાફ ગણ, આમંત્રિત શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ હાજર રહેલ.



સમારંભની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ. ત્યાર બાદ આવેલ મહાનુભાવોનું સ્વાગત ડો.આઈ.સી.પટેલ દ્વારા કરવામાં આવ્યું. તેમના પ્રવચનમાં જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા જૂન માસ દરમ્યાન મેલેરીયા/ડેન્ગ્યુંનાં રોકથામ માટે બહોળા પ્રમાણમાં લોકજાગૃતિ અંગેનાં પ્રયાસો કરવામાં આવે છે. પબ્લીક પાર્ટનરશીપના આ જમાનામાં રોગોને નિયંત્રણ કરવા લોકોનો સહકાર મેળવવા સુરત મહાનગરપાલિકા દ્વારા જૂન માસ દરમ્યાન શેરીનાટકો, લોક ડાયરો, પપેટ શો કરવામાં આવ્યા તથા હોર્ડીગ્સ, બેનર્સ ડીસ્પલે, પેમ્લેટની વહેંચણી કરવામાં આવેલ. આ ઉપરાંત સ્થાનિક ટી.વી. ચેનલો પર મચ્છરજન્ય રોગ નિયંત્રણ અંગેની CD પ્રસારિત કરવામાં આવેલ. તથા ઓલ ઈન્ડિયા રેડિઓ પર મેલેરીયા અંગેની જાહેરત પ્રસારિત કરવામાં આવેલ. બહોળો પ્રસાર ધરાવતાં સ્થાનિક વર્તમાનપત્રોમાં મેલેરીયા અટકાયત અંગેના સુચનો પ્રસિધ્ધ કરવામાં આવેલ. તેઓ દ્વારા જણાવવામાં આવેલ કે, સુરત મહાનગરપાલિકા પાસે મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે અલગ સ્ટાફ, સાધન–સામ્રગી તથા બજેટ ફાળવવામાં આવેલ હોય, મચ્છરજન્ય રોગોના નિયંત્રણની તમામ કામગીરી નિયમિત રીતે કરવામાં આવે છે. બીજી કોઈ મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગોના નિયંત્રણ અંગેની આવી કોઈ કામગીરી કરવામાં આવતી નથી. કે તે માટે અલગ મેનપાવર કે સાધન–સામ્રગી નથી. વધુમાં તેઓએ નિબંધ સ્પર્ધા અને કિવઝ સ્પર્ધાના વિજેતાઓને અભિનંદન પાઠવેલ.

મા.આરોગ્ય સમિતિના ચેરમેનશ્રીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, દિવાળીના તહેવાર પહેલાં દર વર્ષે દરેક વ્યકિત ચોકકસ પોતાના ઘરની સાફ સફાઈ કરે છે, તે જ રીતે દર વર્ષે ઉજવાતા મેલેરીયા વિરોધી જૂન માસ દરમ્યાન, દરેક વ્યકિત પોતાના ઘરમાં મચ્છરની ઉત્પતિ ન થાય તેવા તમામ પગલા ભરે, તો ચોકકસ મચ્છરજન્ય રોગો પર અંકુશ મેળવી શકાય. તેમણે વાહકજનિતરોગ નિયંત્રણ

વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીને બિરદાવી. તથા લોકોને સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી મચ્છરજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં સહકાર આપવા જણાવેલ.

માનનીય મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે, લોકજાગૃતિ હેઠળ શાળાઓમાં આવી સ્પર્ધાઓ રાખી સુરત મહાનગરપાલિકા વિદ્યાર્થીઓને આરોગ્ય અંગેનું જ્ઞાન આપે છે. આજના વિદ્યાર્થીઓ આવતી કાલનું ભવિષ્ય હોય, તેઓને વિવિધ સ્પાર્ધા દ્વારા મચ્છરજન્ય રોગ નિયંત્રણ અંગે માહિતગાર કરવામાં આવે તે આનંદની વાત છે. તેઓએ જણાવેલ કે, સમાજ ઉપયોગી આ કામને આપણે જુસ્સા સાથે વધાવી લેવુ જોઈએ. તે માટે લોકોનો સહકાર હોવો જરૂરી છે, તેમ તેમણે જણાવેલ.

### મેલેરીયા નિબંધ સ્પર્ધામાં જાહેર થયેલ વિજેતાઓ

| | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ |
|---|---|---|
| (૧) | પટેલ પૂજા અરવિંદભાઈ –પ્રથમ | એકસપરીમેન્ટલ સ્કૂલ |
| (૨) | જોષી ચેતસ દિવ્યેશભાઈ – દ્વિતિય | વી.ડી.દેસાઈ વાડીવાળા શાળા |
| (૩) | જોષી ખ્યાતી ધર્મેશકુમાર– દ્વિતિય | વનિતાવિશ્રામ સ્કૂલ |
| (૪) | રાણપરીયા તન્વી દિનેશભાઈ–તૃતીય | ગજેરા વિદ્યાભવન |
| (૫) | પરમાર અમિત સવજીભાઈ– તૃતીય | સુમન હાઈસ્કૂલ નં. ૨ |

### મેલેરીયા કવીઝ સ્પર્ધામાં જાહેર થયેલ વિજેતાઓ

| | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ |
|---|---|---|
| (૧) | પાટોળે આનંદ દિલીપભાઈ–પ્રથમ | ન. પ્રા.શિ.સમિતિ નં.૨૪૬–નવાગામ–ડીડોલી |
| (૨) | ડાંગોદરા રૂપલ પરસોત્તમભાઈ–દ્વિતીય | ન. પ્રા.શિ.સમિતિ નં.૮૯–ભાતની વાડી |
| (૩) | કશ્યપ અવિનાશ પ્યારેલાલ–તૃતીય | ન. પ્રા.શિ.સમિતિ નં.૨૪૬–નવાગામ–ડીડોલી |

આ સિવાય બન્ને સ્પર્ધામાં દસ આશ્વાસન ઈનામો અને સર્ટીફીકેટ આપવામાં આવ્યા. તેમજ બાકીના દરેક સ્પર્ધકોને ભાગ લેવા બદલ સર્ટીફીકેટસ આપવામાં આવ્યા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ આભાર વિધિ ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.એચ.કે.સોંધરવા તેમજ તેમના કર્મચારીગણ દ્વારા કરવામાં આવી.

TOP

## વર્ગ–૪ના સફાઈ કામદારોના આવાસોનો જાહેર ડ્રો

સુરત મહાનગરપાલિકામાં હાલમાં ફરજ બજાવતાં હોય તેવાં વર્ગ–૪ના કાયમી અને હંગામી સફાઈ કામદાર ભાઈ બહેનો માટે મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન સિવાયના તમામ ઝોનમાં એક રૂમ–રસોડુ અને બે રૂમ–રસોડાના કુલ ૭૫૧ ફલેટ ટાઈપ આવાસોનું આયોજન હાથ ધરેલ છે. સદરહુ આવાસોની ફાળવણીનો પ્રથમ ડ્રો તા. ૦૭–૦૪–૨૦૦૬ના રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે યોજાયેલ જેમાં ૪૨૮ આવાસોની લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવી હતી. ખાલી રહેલા ૪૨૩ આવાસો માટે સફાઈ કર્મચારીઓ પાસેથી બે તબકકામાં વિકલ્પ ફોર્મ મેળવવામાં આવેલ હતા જેના આધારે સફાઈ કામદારોની માંગણી મુજબ વરાછા ઝોન, લિંબાયત ઝોન અને ઉધના ઝોનની આવાસ યોજનાઓનાં આવાસોની ફાળવણીનો જાહેર ડ્રો મા. મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૧૯–૭–૨૦૦૬ના રોજ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે યોજાયેલ હતો.

ઉપરોકત ડ્રો ધ્વારા ડુંભાલ ટ્રાન્સપોર્ટ ગોડાઉન પાછળ આવેલ આવાસ યોજનાના ૧૫૦ આવાસો, લિંબાયત ઝોનમાં ડીંડોલી ખાતે આવેલ બે રૂમ–રસોડાની આવાસ યોજનાના ૫૨ (બાવન) આવાસો, તથા રૂમ–રસોડાની આવાસ યોજનાના ૧૯ આવાસો અને ઉધના ઝોનમાં સિધ્ધાર્થનગર નહેર પાસેની રૂમ–રસોડાવાળી આવાસ યોજનાના ૨૪ આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે.

ઉપરોકત ડ્રો દરમ્યાન મહાનગરપાલિકાનાં ડે. મેયરશ્રી સુષ્માબેન અગ્રવાલ, આરોગ્ય સમિતિના ચેરમેન ડો. જગદીશભાઈ પટેલ, રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષ શ્રીમતિ વર્ષાબેન રાણા, સ્લમ કમિટિના ચેરમેન શ્રી ભીખુભાઈ ગામીત, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષ શ્રીમતિ વીણાબેન જોષી, મ્યુ. સભ્યશ્રી યશોધરભાઈ દેસાઈ તથા શ્રીમતિ ભાવનાબેન વનરા, મહાનગરપાલિકાના વિવિધ યુનિયનોના હોદેદારો તથા મોટી સંખ્યામાં સફાઈ કામદાર ભાઈ–બહેનો હાજર રહયા હતા.



ડ્રો દરમ્યાન ઓબ્ઝર્વર તરીકે ટાઉન પ્લાનર શ્રી ડી. એન. બસાકે ફરજ બજાવી હતી અને કાર્યક્રમનું સંચાલન શ્રી નરેશભાઈ વ્યાસે કર્યુ હતું. સફાઈ કામદારોને જરૂરી માર્ગદર્શન ડે. ટાઉન પ્લાનરશ્રી આર.પી.પટેલે પુરૂ પાડયું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સેન્ટ્રલ ઝોન વી.બી.ડી.સી. (ફા.મે.) વિભાગ ધ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા, વી.બી.ડી.સી. (ફા.મે.) વિભાગ ધ્વારા માહે જૂન–૨૦૦૬ને મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ. જેના અંતર્ગત સેન્ટ્રલ ઝોન હસ્તકના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ગોપીપુરા સ્થિત રત્નસાગરજી વિદ્યાલયમાં મેલેરીયા વિષયક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિજયી થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અંગેનો કાર્યક્રમ તા. ૨૪–૭–૦૬ના રોજ ઉકત શાળામાં રાખવામાં આવેલ. જેમાં આસી. જંતુનાશક અધિકારી શ્રીમતિ ગાયત્રીબેન આર. જરીવાલા (સેન્ટ્રલ ઝોન–વી.બી.ડી.સી. વિભાગ) ઉપસ્થિત રહેલ અને તેમણે તમામ ઉપસ્થિત વિદ્યાર્થીઓને મેલેરીયા રોગ વિશે સંપૂર્ણ સમજ આપી હતી. તેમજ ઉકત મેલેરીયા વિષયક ચિત્ર સ્પર્ધામાં વિજયી થયેલ ૩ (ત્રણ) વિદ્યાર્થીઓને સુરત મહાનગરપાલિકા તરફથી ટ્રોફી (શીલ્ડ) એનાયત કરવામાં આવેલ. તેમજ સ્પર્ધાના બાકી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આશ્વાસન ઈનામરૂપે બોલપેન એનાયત કરવામાં આવેલ હતી. તેમજ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સુરત મહાનગરપાલિકા તરફથી પ્રમાણપત્ર આપવામાં આવેલ.



આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીશ્રી શરદભાઈ કાંટાવાલા અને આચાર્યશ્રી જયંતીભાઈ ડી. શાહ એ રસ દાખવી સંપૂર્ણ સહકાર આપી કાર્યક્રમને જીવંત બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો.

TOP